અપીલ અરજી નં.૪૨૨ તા.૨૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સંજય લાલજી મિશ્રા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય લાલજી મિશ્રા ની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પંચશીલ આંબેડકર ઝુંપડપટ્ટી સહારા દરવાજા બહાર તેનું ડીમોલેશન કયા વર્ષમાં થયુ અને કઈ તારીખે થયું હતું અને તે દરમ્યાન ડિમોલેશન સમયે હું બહારગામ હોવાથી મારી પાછળ મારા નામે મારા ઝુંપડાના બદલે આવાસ મેળવનારનું નામ આપવા બાબત. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૨૨/૨૦૧૦–૧૧

શ્રી સંજય લાલજી મિશ્રા ની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પંચશીલ આંબેડકર ઝુંપડપટ્ટી સહારા દરવાજા બહાર તેનું ડીમોલેશન કયા વર્ષમાં થયુ અને કઈ તારીખે થયું હતું અને તે દરમ્યાન ડિમોલેશન સમયે હું બહારગામ હોવાથી મારી પાછળ મારા નામે મારા ઝુંપડાના બદલે આવાસ મેળવનારનું નામ આપવા બાબત. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭ તા.૨–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અરજી તેઓની જાણ હેઠળ કોઈ તબદીલ થયેલ હોય તો તેની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૪૫ તા.૧૩–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તેમજ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૪૫ તા.૨૮–૩–૧૧ ના પત્રની નકલ તથા તે નકલ ઉપર અરજદારે મેળવેલી માહિતની વિગત રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી પંચશીલ આંબેડકર ઝુંપડપટ્ટી સહારા દરાવાજાના ડીમોલીશન અને તેની આવાસ ફાળવણી અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝનો ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં જવાબ ન મળવાથી નારાજ થઈ અરજદારે માંગેલ માહિતીના મુદ્દા નં.૫ ની માહિતી નહીં મળ્યાનું જણાવી તા.૨૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૪૫ તા.૨૮–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) પંચશીલ આંબેડકર ઝુંપડપટ્ટી સહારા દરવાજા બહાર તેનું ડીમોલેશન કયા વર્ષમાં થયુ અને કઈ તારીખે થયું હતું અને તે દરમ્યાન ડિમોલેશન સમયે હું બહારગામ હોવાથી મારી પાછળ મારા નામે મારા ઝુંપડાના બદલે આવાસ મેળવનારનું નામ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પંચશીલ આંબેડકર ઝુંપડપટ્ટી, સહારા દરવાજા બહારનું ડીમોલીશન તા.૧૧–૫–૦૧ થી થયેલ છે અરજદારની જગ્યાએ ઝુંપડાના બદલામાં આવાસ મેળવનાર શ્રી અમરદેવ વિશ્વનાથ મિશ્રા છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ સમયે વરાછાઝોનની કચેરીમાં શ્રી ઝોનલ અધિકારી તરીકે શ્રી વી.ડી. પટેલ સાહેબ હતા તેમની અચાનક બદલી થતા તેમની જગ્યા ઉપર ઝોનલ અધિકારી તરીકે શ્રી દારૂવાલા સાહેબએ વરાછાઝોનનો ચાર્જ લીધેલ હતો અને આ અંગે મે શ્રી ઝોનલ અધિકારી સાહેબને મારી તમામ હકીકત જણાવેલ છે કે સાહેબ મારી સાથે અન્યાય થયેલ છે આ અંગે શ્રી દારૂવાલા સાહેબે શ્રી ઝોનલ અધિકારી તરીકે શ્રી ગામીત સાહેબને આ અંગે મારી તપાસ ડે. શ્રી ચૌધરી સાહેબને આ ઝીણવટભરી તપાસ કરવાનું કામ સોંપવામાં આવેલત્યારે આ અંગે તપાસ કરાતા શ્રી અમરદેવી વિશ્વાના મિશ્રા તથા તેમના પત્ની પાર્વતીદેવી અમરદેવ મિશ્રા આ બંનેએ રૂા.૫૦ ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ કરીને આપશ્રીની ઝોન કચેરીમાં જમા કરાવેલ હતુ જેથી આપની કચેરી ધ્વારા આ બંનેને મારા નામાનું આવાસ મારી પાછળ મારી ગેરહાજરીમાં આવાસ ફાળવણી કરી દેવામાં આવેલ હતી અને આ અંગે વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૯ ડીસેમ્બર સુધી આમ ૯ વર્ષની તપાસ કરતા મને છેલ્લે વર્ષ ૨૦૧૦ માં આવાસ ફાળવણી આપશ્રીના ઝોન ધ્વારા કરવામાં આવેલ આમ આપશ્રીની ઝોન ધ્વારા મને ન્યાય મળેલો. તે અંગે શ્રીમાન જરીવાલા તથા શ્રી ડી.ટી. ચૌધરી સાહેબનો આભાર માનું છું અને જણાવું છુ કે આમ મારી હકીકત ડીમોલીશનથી મને આવાસ મેળવવા માટે કેટલા વરસ ન્યાય મેળવતા થયા છે તે અંગે મને આપના વરાછાઝોન તરફથી આવાસની ફાળવણી થતા કેટલા વરસ થયા છે તેથી મને જરૂરી માહિતી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જેને બે આવાસ ફાળવાય ગયેલ હતા તેમની સમગ્ર તપાસ કરી આવાસ પરત લઈ અરજદારને

ફાળવતા આશરે સાડા આઠ વર્ષનો સમયગાળો થયેલ છે. તેવું જણાવેલ છે. (૩) જેથી જે અમરદેવ વિશ્વનાથ મિશ્રા તથા પાર્વતીદેવી અમરદેવ મિશ્રા એમ બંને પતિ પત્નીના નામે જે આપના વરાછા ઈસ્ટઝોન સાથે જે છેપરપીંડી કરી છે તે અંગે તેની સાથે કોઈ પગલા લેવામાં આવેલ છે કે કેમ તે જાણવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અમરદેવ વિશ્વનાથ મિશ્રા તથા પાર્વતીદેવી અમરદેવ મિશ્રા પાસેથી બેમાંથી એક આવાસ પરત લઈ લીધેલ છે તેવું જણાવેલ છે. (૪) શ્રી અમરદેવ વિશ્વનાથ મિશ્રાએ જે મારા આવાસને ૯ વરસ સુધી ભાડુત રાખીને માસીક રૂા.૨૦૦૦/– લેખે ભાડુ લેતા હતા અને તેઓ જે ૯ વરસમાં રૂા.૨૧૬૦૦૦ ના ભાડુ ખાતા આવેલ હતા અને જે મને ૯ વર્ષ સુધી હું પોતે ભાડેથી ઝુંપડામાં કોયલા ખાડી ખાતે રહેતો હતો તે અંગે મને આર્થિક અને જે માનસિક ત્રાસ રૂપ નુકશાન થયેલ તથા મારા પરિવારે આ નુકશાન ભોગવવાનો વારો આવેલ હતો તે કયારે તો હું આપઘાત કરવાનો પણ વિચાર કરતા હતો પરંતુ મને વરાછા ઈસ્ટઝોનના અધિકારીઓ તથા કર્મચારીઓ પર મારો વિશ્વાસ હતો કે મને જરૂર ન્યાય મળશે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર આપેલ નથી પરંતુ સદર મુદ્દામાં અરજદારે વ્યથા અંગેના વિધાન કરેલ છે પરંતુ માહિતી માંગેલ હોય તેવું જણાતું નથી. (૫) આપ સાહેબશ્રીને મારી નમ્ર વિનંતી છે કે મને ભલે મોડું થયું પરંતુ મને આપના તરફથી ન્યાય મેળવવા માટે ડીમોલીશનથી માંડીને મને આવાસ મેળવવા માટે કેટલા વરસ થયા છે તે અંગે મને આપ સાહેબ સંપૂર્ણ અને સાચી માહિતી આપવા મહેરબાની કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અનુક્રમ નં.૨ અનુસાર જેને બે આવાસ ફાળવાય ગયેલ હતા તેમની સમગ્ર તપાસ કરી આવાસ પરત લઈ અરજદારને ફાળવતા આશરે સાડા આઠ વર્ષનો સમયગાળો થયેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને આપેલી માહિતી અરજદારે મેળવ્યા અંગેની અરજદારે સહી કરેલ છે. આમ અરજદારને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)........જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સંજય લાલજી મિશ્રા